# જ્ઞાતિમૈયા


જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૮૨ • તા. ૪ ઑક્ટોબર થી ૧૦ ઑક્ટોબર ૨૦૨૫



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# જે જ્ઞાન આપે એ ગુરુ

દરેક વ્યક્તિના જીવનમાં ગુરુ મહત્વનો ભાગ ભજવે છે. જન્મ વખતથી અમુક ઉંમર સુધી અભાન-અસમજણ અવસ્થા હોય છે. મન-બુધ્ધિનો વિકાસ ન થયું હોય એટલે અન્ય આધારીત આ સમયગાળો હોય છે. દરેક જણના જીવનમાં ત્રણ ગુરુ હોય છે. એક મા, બીજા પિતા અને ત્રીજા શિક્ષણ, વિદ્યા દાન આપી શિક્ષિત કરનાર શિક્ષક. બાળપણ અવસ્થામાં મગજ શક્તિ ખીલે એટલે સમજણની બારી ખૂલતી જાય છે. સમજણ રૂપી સીડી અને સંસ્કારોની શિખામણ દ્વારા ચરિત્રનું ઘડતર ઘડાય છે. માતા અભાન, અજ્ઞાન સ્થિતિથી કુંભાર જેમ ઘાટ ઘડીને માવજતથી માટીના પીંડમાંથી માટીનું પાત્ર સર્જે છે. એમ માતા સંતાનનું ઘડતર કરે છે. પ્રાથમિક સમજ, જ્ઞાન અને સલાહ સૂચન આપી જીવન વ્યવહારની સમજણ પૂરી પાડે છે.

પિતા ડગમગ ચાલતા સંતાનની આંગળી પકડી એને દોડતો કરે છે. વહેવારની કેળવણી તેના આત્મવિશ્વાસ ખિલવણી પિતાને આભારી છે. સૌની સામે ટટ્ટાર ઊભો રહેવાની ચાવી, અડગ અને આત્મવિશ્વાસથી રહેવાનું જ્ઞાન પિતા આપે છે.

વાચા ફૂટતા વાણીનો પ્રવાહ વહે છે. પણ અક્ષરજ્ઞાન, શબ્દ સમજણ, વ્યાકરણના અટપટા નિયમોથી માહિર કરે છે શિક્ષક. આ શિક્ષણ મેળવી ઘડતરનો તબક્કો ૧૫ થી ૨૦ વર્ષ લાંબો હોય છે. ગુરુ અજાણ્યા પાનાથી પણ અવગત કરાવી દિશા સૂચન કરે છે. આ ત્રણ ગુરુ દરેક વ્યક્તિની પાછળ પોતાની શક્તિ સામર્થ્ય વેડફીને એક જડ પથ્થરને મૂર્તિ બનાવે છે.

ત્યાર પછી જીવનમાં સંકટ સમયે યોગ્ય જ્ઞાન સલાહ, શિખામણ આપનારી વ્યક્તિ ગુરુથી કમ નથી હોતી. જીંદગીના દરેક તબક્કે કોઈની કોઈ પાસે કંઈ જ્ઞાન કંઈક સમજણ કે કોઈ સારી વાત ગ્રહણ કરી તેનું અનુકરણને અનુસરણ કરી અનોખી પ્રતિભા તરીકે આપણે ઉભરી શકીએ છીએ. જે સમયે સાચું જ્ઞાન, સમજણ ભર્યું વિચાર મળે તેનો સદ્ઉપયોગ કરવો જોઈએ. સંકટ સમયે સાચો રસ્તો બતાવનાર વ્યક્તિ પછી એ ભલે આપણાથી મોટી હોય કે નાની એ ગુરુ તુલ્ય છે. એ સ્વીકાર કરવામાં હિચકાટ કરવો ન જોઈએ. ક્યારેક નાની ઉંમરના લોકો પણ અમુક વાર એવું કહી દેતા હોય છે જેની કલ્પના મોટા લોકો કે શિક્ષિત લોકો પણ ન કરી હોય. ગુરુનું મહત્વ તો છે પણ ખરું મહત્વ તો ગુરુ એ આપેલા જ્ઞાનનું છે. સત્યભર્યું, સમજણવાળું જ્ઞાન જીવનના અંધકારને હડસેલી દે છે. જે પોતાની જાત ઘસી આપણને ઉજળા કરે એ ગુરુ પદ પામે છે. આપણા માવતર પછી ગુરુ એવા હોય છે જે આપણે ઊંચા સ્થાને રહીએ એવા પ્રયત્નો કરે છે. આપણી પ્રગતિમાં તેઓ પોરસ મેળવે છે.

ગુરુ એ છે જે આપણને જ્ઞાન, સમજણ આપે છે. સત્ય અને પ્રકાશના પંથે દોરે છે. પછી ચાહે એ નાનો હોય મોટો હોય. એનો પદ ગુરુ તરીકેનું છે. ભગવાન દત્તાત્રયએ કેટલાક પ્રાણીઓ સહિત ૨૪ને ગુરુ પદે સ્થાપિત કર્યા હતા. જેમાં પૃથ્વી, જલ, વાયુ, અગ્નિ, આકાશ, સૂર્ય, ચંદ્ર, સમુદ્ર, અજગર, હોડી, પતંગિયું, માછલી, હરણ, હાથી, મધમાખી, કુમારિકા, સર્પ, બાળક, પિંગલા વેશ્યા, કબૂતર, કરોળિયું, ભમરો, કાગડો અને લોહાર. આ બધામાંથી સારો તત્વ, સારી શિક્ષા બોધ લીધો. ગુરુ વ્યક્તિના જીવન ઘડતરમાં મુખ્ય ભૂમિકા ભજવે છે અને એક શિલ્પીની જેમ ધૈર્યથી ટાંકણે, ટાંકણે જડશિલામાંથી શિલ્પ સર્જે છે. ગુ નો અર્થ થાય છે અંધકાર અને રુ નો અર્થ થાય છે પ્રકાશ. જે આપણા જીવનમાં અંધકાર દૂર કરી અજવાસ કરે એ આપણો ગુરુ.

– જય જ્ઞાતિ મૈયા

# સંસ્કારથી ઘર બને મંદિર

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સુસંસ્કૃત, સભ્ય ભાષામાં ઘરને મંદિર કહેવાયું છે. ઘર એટલે એવું સ્થાન જ્યાં હૈયાને હાશ, હૈયું હળવું થાય અને ઉદ્વેગી મન શાંત થાય. આપણો ભાર હળવો થાય. ઘર એટલે સંસ્કારની ખાણ. ઘર એટલે સભ્યતાનું પવિત્ર સ્થાન. ઘર એટલે સંસ્કારની સૌરભથી સુશોભિત મહેંકતું મંદિર. સંસ્કાર કોઈની પાસેથી વેચાતા મળતા નથી, પણ સંસ્કાર આપણાં ઘરમાંથી ઉત્પન્ન થાય છે. અહીં જ તેનું સર્જન, સંવર્ધન થાય છે. જ્ઞાનીજનો એ કહ્યું છે 'ધરતીનો છેડો ઘર'. ઘરની ગરિમા એની મહતાને દર્શાવવા આનાથી સરળ અને સચોટ વ્યાખ્યા બીજી કોઈ જડવી મુશ્કેલ છે. કાના-માત્રા વિનાનો બે અક્ષરનો શબ્દ 'ઘર' ટૂંકું જરૂર છે પણ એમાં અર્થ-ભાવાર્થનું ઊંડાણ છે.

ઘરમાં જેવું વાતાવરણ હોય તેવો અસર એમાં રહેતા સભ્યો પર પડે છે. ખાસ કરીને બાળકોના માનસનું ઘડતર ઘરના માહોલની અસર જેવું જ હુબેહુ હોય છે. ઘર ચલાવનારા મુખ્ય વ્યક્તિઓના સ્વભાવ, વિચાર અને વર્તાવ બાળકોના માનસ પર ઊંડી છાપ ઊભી કરે છે. વડીલોનું વર્તન, તેમના શોખ, વ્યસન, આચાર વિચારનો ઘેરો પ્રભાવ બાળકો પર પડે છે. એટલે ઘરની મુખ્ય વ્યક્તિએ સ્વભાવ, વ્યવહાર અને બોલચાલમાં સભ્યતા રાખવી જોઈએ. તેમનો સ્વભાવ તંગ થાય ત્યારે ઘરના અન્ય સભ્યોનો રંગ બદલાય છે. બધાના આનંદનો ભંગ થાય છે. ઉગ્ર સ્વભાવ વ્રજની જેમ બધાને વાગે છે. ઈજા કરે છે અને હતપ્રભ કરે છે. આવા કલુષિત વાતાવરણને મંદિર ન કહી શકાય. દૂધથી છલોછલ પાત્રમાં છાશનું એક ટીપું બધું બગાડી દે છે.

નાનપણમાં અભ્યાસમાં પણ ઘર વિશે નિંબધ લખવાનું કહેવાય છે. જેને લીધે બાળકોના વિચાર પ્રગટ થાય છે. નિર્દોષ બાળક રોજે રોજ ઘરમાં જુએ છે તે કાગળ પર લખે છે. બાળક જ્ઞાન સમજમાં ભલે અબૂધ હોય પણ તેની નિરીક્ષણ શક્તિ સતેજ હોય છે. ઘર વિશેના નિંબધમાં બાળકે લખ્યું કે 'મારે એક ઘર છે. તેમાં હું, મારા મમ્મી પપ્પા સાથે રહું છું. મારા મમ્મી પપ્પા રોજ ઝઘડે છે. સાવ નાની નાની વાતે ક્રોધિત થઈ એક બીજા સાથે જોરશોરથી દલીલ કરે છે. એક બીજાના સંસ્કાર અભ્યાસથી લઈને ક્યાંની ક્યાંની વાતો, વર્ષો પહેલાં થઈ ગયેલી ઘટનાઓને યાદ કરીને સામ સામી દલીલો કરતાં રહે છે. હું ઘણીવાર તેમને છોડીને સૂવા ચાલી જાઉં. હું મારા મિત્રના ઘરે જાઉં છું તો તેનું ઘર મને જુદું લાગે છે. એના મમ્મી પપ્પા, ઝઘડતાં નથી. તેમને મેં પૂછ્યું તમે ક્યારે ઝઘડતા નથી? ત્યારે તેમણે કહ્યું કે 'એવું કંઈ અમને આવડતું નથી.' આ જવાબ મને ગમ્યો. શાળામાં શિક્ષકો બધું સારું હોય એ શીખવાડે છે તો પછી ન ગમતું આપણે ઘરમાંથી શા માટે શીખીએ છીએ? મને મારું ઘર ગમે છે પણ ઘરમાં થતાં ઝઘડા નથી ગમતાં.'

બાળકે નોટબુકમાં ટપકાવેલા વિચાર શિક્ષક વાંચી હતપ્રભ થઈ ગયો. તેના પેરેન્ટસને શાળામાં બોલાવી બાળકે લખેલ નિંબધ વાંચવા આપ્યો. ગનીમત કે એકના એક સંતાનના વિચારથી બંન્ને એ પોતાનું વર્તન સુધાર્યું. આમ બગડતું ઘર મંદિર થવા લાગ્યું.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

|| નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે || || વરસીતપના પ્રણેતા શ્રી આદિનાથાય નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી-મહાકાલીદેવ્યૈ નમઃ ||

|| શ્રી ગોયમ-સુહમ્મ-આર્ય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવિ-વીર-મહોદયસાગર સૂરિભ્યો નમઃ ||

શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પ્રેરિત

## શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘ

# શ્રી સંઘની નૂતન પેઢી (ગીતા સ્મૃતિ પેઢી) નો પ્રારંભ

શ્રી સંઘની પેઢી છેલ્લા કેટલાયે વર્ષોથી ચીચબંદર મુકામે કાર્યરત હતી. સમયની માંગ પ્રમાણે વર્તમાન પરિસ્થિતિને અનુકુળ સંઘની નૂતન પેઢી મુંબઈના હાર્ટ સમા માટુંગા (સે.રે.) મધ્યે ખરીદી કરવામાં આવેલ.

**પેઢીના સંપૂર્ણ લાભાર્થી**

**માતુશ્રી હીરાકુંવર નાનજી ચાંપશી શાહ પરિવાર**

**ખ્યાતિનમ્ ફાઉન્ડેશન**

(મેરાઉ-ગાંધીધામ-વડોદરા-વાંદરા)

હ. ખુશ-વિયાન



**ગીતા સ્મૃતિ પરિવારે લાભ લેતા પેઢીનું નામકરણ "ગીતા સ્મૃતિ પેઢી" કરવામાં આવેલ છે.**

જે પેઢી સોમવાર, તા. ૨૯-૯-૨૦૨૫ થી પ્રારંભ થઈ ગયેલ છે, જેની સકલશ્રી સંઘે નોંધ લેવા વિનંતી.

નૂતન પેઢીનું સરનામું : શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

ગીતા સ્મૃતિ પેઢી

૭૦૬, શાંતિ હાઈટ્સ, ૭ મા માળે, ભાઉદાજી રોડ, રાધાકૃષ્ણ હોટલની ઉપર,
નારાણજી શામજી વાડીની સામે, માટુંગા (સે.રે.), મુંબઈ - ૪૦૦ ૦૧૯.
ફોન નં. 3568 4778 સમય સવારે ૧૧ થી સાંજે ૭

કાર્યરત કર્મચારીઓ : વિપુલ દેઢિયા - 70204 25835 નારાયણ કાળે - 98703 45885

ઉપરોક્ત નૂતન પેઢીનો સરનામું તથા ફોન નંબર નોંધી લેવા વિનંતી. હવેથી દરેક વ્યવહાર ઉપરોક્ત સરનામે કરવા વિનંતી.

લિ. માનદ્ મંત્રીઓ

# શ્રી ક.દ.ઓ. જૈન. મહાજન ગાંધીધામ આયોજિત હાલાર દર્શન યાત્રા પ્રવાસ

વિ.સંવત ૨૦૮૧ના પર્યુષણ પર્વ પછી શ્રાવક તણા પાંચમા કર્તવ્યના ભાગરૂપે ગાંધીધામ મહાજનના નેજા હેઠળ તા.૧૨ સપ્ટેમ્બરથી તા ૧૪ સપ્ટેમ્બર દરમ્યાન ચૈત્યપરીપાટી માટે હાલાર પ્રદેશનો યાત્રા પ્રવાસ ગોઠવવામાં આવેલ. જેમાં કુલ્લે ૧૧૦ યાત્રિકો જોડાયા હતાં.

યાત્રાનો શુભારંભ તા. ૧૨ ના રાત્રે ૧૦.૦ કલાકે પ.પૂ.ગણિવર્ય શ્રીરાજરત્નસાગર મ.સા. અને પ.પૂ.મુનિશ્રી ભાગ્યોદયસાગર મ.સા.આદિ ઠાણાને વંદન કરીને કરેલ. પૂજ્યશ્રીઓએ માંગલિક સંભળાવી સકલ સંઘને તીર્થો જુહારવાની શુભ ભાવના વ્યકત કરેલ.

ઉત્સાહ ઉમંગના માહોલમાં શરૂ થયેલી યાત્રાનો પ્રથમ પડાવ શાલીભદ્ર તીર્થે નિર્ધારિત સમય કરતા વહેલા પહોંચેલ ત્યાં ગિરીશભાઈ અને નિર્મલભાઈ સંઘને આવકારવા હાજર હતા અને સતત બે દિવસ સાથે રહી સહકાર આપેલ. ખૂબજ સારી વ્યવસ્થા ધરાવતી ધર્મશાળામાં સવારે પાંચ વાગે સૌ પૂજા માટે તૈયાર થઈ મહાવીર સ્વામી ભગવાનની વાક્ષેપ પૂજા કરી ચૈત્યવંદન કરેલ.

ત્યાંથી સપ્તફેણા પાર્શ્વનાથ જેમની ૧૦૮ પાર્શ્વનાથમાં ગણના થાય છે એવા ૫૪૧ વર્ષ પ્રાચીન તીર્થ મોટી ભલસાણ ગામે પહોંચ્યા. વાક્ષેપ, પક્ષાલ, ચંદન પૂજા અને ચૈત્ય વંદન કરેલ. સવારની નવકારશીનો લાભ ગિરીશભાઈ ઠાકરશી લોડાયા પરિવારે લીધેલ. ત્યાંથી જામનગર શહેર તરફ પ્રયાણ કરેલ.

જામનગરના ચાંદી બજારમાં જ્યાં આપણી જ્ઞાતિની જાહોજલાલીના સીમા ચિન્હરૂપી ભવ્ય ૪૦૦ વર્ષથી પણ વધુ પ્રાચીન બે-બે બાવન જિનાલયોના દર્શન- ચૈત્યવંદન કર્યા. જેમાં ભાભા પાર્શ્વનાથ દેરાસર ૧૦૮ પાર્શ્વનાથની યાત્રાના દેરાસરમાંથી એક છે. અન્ય બે દેરાસરો તેમજ ૮૦૦ વર્ષથી પણ વધારે પૌરાણિક નેમનાથ ભગવાન અને હાલમાં મળેલા ૧૪ પરોણા પ્રતિમાજીઓના દર્શનનો લાભ લીધો. જામનગર મુકામે ચાતુર્માસ બિરાજમાન પ.પૂ સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી અંનતયશાશ્રી મ.સા.આદિ થાણાને વંદન કર્યા, સાહેબજીએ પ્રાસંગિક પ્રવચન અને માંગલિક સંભળાવેલ. ત્યાં લીંબુ પાણીનો લાભ આપેલ. જામનગર સંઘે રૂા.૧૦/-નું સંઘ પૂજન કરેલ.

ત્યાંથી શ્રી શાંતિનાથજી દેરાસરજી અને મણીભદ્ર દેવના દર્શન અને આરતીનો લાભ લીધેલ. આ યાત્રામાં મોટા ભાગની વ્યવસ્થા ગોઠવી અને માર્ગદર્શન કરનાર ગિરીશભાઈ ઠાકરશી લોડાયાની વિનંતીને માન આપી સકળ સંઘે એમના ઘેર પાવન પગલા કર્યા. તેઓશ્રી એ પધારેલા સંઘનો સંઘ પૂજન કરી બહુમાન કરેલ. ગાંધીધામ મહાજનના પ્રમુખશ્રીનું શાલ ઓઢાડી બહુમાન કરેલ અને બપોરના સાર્ધમિક ભકિતનો લાભ પણ એ જ પરિવારે લીધેલ.

ત્યાંથી પ્રસ્થાન કરી નાની ખાવડી શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જીનાલયના દર્શન કરી સંઘ જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો હતો તે મોટી ખાવડી પહોંચ્યો. મોટી ખાવડી મહાજન તરફથી સંઘનું સામૈયું કરવામાં આવ્યું. શ્રી ચન્દ્રપ્રભુ સ્વામીના દર્શન કરી, ચાતુર્માસ બીરાજમાન પ.પૂ.સા.શ્રી મહોદયાશ્રીજી મ.સા, પ.પૂ.સા.શ્રી વિનયપ્રભાશ્રી મ.સા અને પ.પૂ.સાધ્વી શ્રી યશોદયાશ્રી મહારાજ સાહેબ આદિ ઠાણાને વંદન કરી, માંગલિક શ્રવણ કરેલ સાહેબજી એ પ્રાસંગિક પ્રવચન ફરમાવેલ.

મોટીખાવડી મહાજનશ્રી એ ગાંધીધામ મહાજનનું સન્માન કરેલ. ગિરીશભાઈ ઠાકરશી લોડાયા પરિવાર તરફથી હાલાર તીર્થ યાત્રામાં સાંપડેલા અભૂતપૂર્વ સાથ, સહકારના પ્રતિભાવ રૂપે ગાંધીધામ મહાજનશ્રી દ્વારા પૂજ્ય સાધ્વીશ્રી ભગવંતોની નિશ્રામાં ગિરીશભાઈનું તિલક કરી, માળા પહેરાવી, શાલ ઓઢાડી અને સન્માન પત્ર આપી બહુમાન કરવામાં આવેલ. પ્રમુખ લહેરચંદભાઈ એ આભાર માનતા જણાવેલ કે ગિરીશભાઈના પરિવાર દ્વારા સાંપડેલા અભૂતપૂર્વ અને અવિસ્મરણીય આગતા સ્વાગતા અને મીઠા આવકારને ગાંધીધામ મહાજન કયારે પણ ભૂલી નહિ શકે. પરમાત્મા સદાય એમને શાસનના સુકૃતો કરવાની શક્તિ આપે અને સ્વસ્થ દીર્ઘાયુષ્યની શુભેચ્છાઓ વ્યકત કરેલ.

# શ્રી ક.દ.ઓ. જૈન. મહાજન ગાંધીધામ આયોજિત હાલાર દર્શન યાત્રા પ્રવાસ

સાંજના ચૌવિહારનો લાભ શ્રી મોટી ખાવડી મહાજન ને આપી સંઘ દ્વારકા તરફ પ્રયાણ કરેલ.

દ્વારીકામાં સંઘે દ્વારિકાધીશના દર્શન કરી રાત્રી રોકાણ નેમિનાથ બાવન જિનાલય ધર્મશાળામાં કરેલ.

તા. ૧૩ સપ્ટેમ્બરના સવારે સકળ સંઘે બાવન જીનાલય નેમીનાથ પરમાત્માની સેવા-પૂજા-દર્શનો લાભ લીધો. સવારની નવકારશી કરેલ જેનો લાભ પણ ગિરીશભાઈ ઠાકરશી લોડાયા પરિવારે લીધેલ.

ત્યાંથી સંઘ આરાધનાધામ પહોચ્યો જ્યાં શ્રી મહાવીર સ્વામી પરમાત્માના દર્શન કરેલ અને જૈન આર્ટ ગલેરી નિહાળેલ ત્યાંથી દલતુંગી તીર્થ પહોંચ્યા. શ્રી અજીતનાથ પરમાત્માના દર્શન કરેલ અને બપોરના સાધર્મિક ભક્તિનો લાભ આપેલ.

ત્યાંથી સેવક ભરૂડીયા આદિનાથ પરમાત્માનાના દર્શન કરી રંગપુર તરફ પ્રયાણ કરેલ રંગપુરમાં શ્રી ભીડભંજન પાર્શ્વનાથના દર્શન કરી રંગપુર મહાજનને ચા નો લાભ આપેલ અને મોડપર તીર્થ જવા પ્રયાણ કરેલ. જ્યાં સુપાર્શ્વનાથ જીનાલાયના દર્શન અને ચૈત્યવંદન કરી સંઘે છેલ્લા પડાવ લાલપર ગામે જવા પ્રસ્થાન કરેલ ત્યાં પહોચી શ્રી ભલારાદાદાને પહેડી ચડાવી દર્શન આરતી કરેલ અને સાંજના ચોવિહારનો લાભ આપેલ. જેનો લાભ ગિરીશભાઈ ઠાકરશી લોડાયા પરિવારે સહ પરિવાર સાથે હાજર રહી લીધેલ.

સંઘ આયોજન માટે યાત્રી દીઠ રૂા.૧૫૦૦/- લેવામાં આવેલ બાકી ખર્ચ માટે નીચે મુજબના સહયોગી દાતાશ્રીઓ એ લાભ લીધેલ. (૧) શ્રી તરંગ વિશાલભાઈ પદમશી લાલકા વાડાપદ્ધર-આદિપુર (૨) માતુશ્રી કાંતાબેન આણંદજી ખોના સાંધવ-ગાંધીધામ (૩) માતુશ્રી રતનબેન ખીમજીભાઈ લાલકા વાડાપદ્ધર-આદિપુર (૪) ડૉ.મધુકાન્ત રતનશી ધરમશી હ. મીતેશભાઇ કોઠારા-ગાંધીધામ (૫) માતુશ્રી તારાબેન કિશોરભાઈ સાંયા હ. સંદિપભાઈ સુજાપર-આદિપુર (૬) માતુશ્રી માંકલબાઈ નરશીભાઈ લોડાયા તેરા-અંજાર

તેમજ સંપૂર્ણ યાત્રાને ફોટો અને વિડીયોથી પોતાના કેમેરામાં કંડારી કાયમી યાદગીરી આપવાનો લાભ ઋષભભાઈ નાગડા અને મનીષભાઈ મોમાયાએ લીધેલ સર્વેની ખુબ ખુબ અનુમોદના.

સંઘ પૂર્ણાહુતિમાં ભલારા દાદાના સાંનિધ્યમાં વિવિધ પરિવારો તરફથી આવેલ સંઘ પૂજન આની થી રૂા. ૨૦૦/- નું સંઘ પૂજન ગિરીશભાઈ ઠાકરશી લોડાયા પરિવારના હસ્તે કરાવવામાં આવેલ.

નિરંજનભાઈ લોડાયા એ સંઘમાં જોડાયેલ યાત્રિકોને પોતાના મંતવ્ય આપવા જણાવેલ. સમસ્ત સંઘ તરફથી શ્રીમતી કાજલબેન ડાઘા, અ.સૌ. રૂચીબેન નાગડા અને ભીખાલાલભાઈ શિયાલે મહાજનશ્રી તરફથી ગોઠવાયેલ યાત્રાની અનુમોદના કરવામાં આવેલ અને ગિરીશભાઈના પુરા પરિવારની અનેરી મહેમાનગતિ અને પરોણાગતિ માટે કૃતજ્ઞતા અને સેવાઓની અનુમોદના સહ અહોભાવ વ્યકત કરવામાં આવેલ અને આ યાત્રા પ્રવાસ હમેંશ માટે અવિસ્મરણી રહેશે એવા ઉદગાર સંઘ તરફથી વ્યકત કરવામાં આવેલ.

યાત્રા પ્રવાસમાં બંને દિવસે પ્રભુજીની સેવા પૂજાનો લાભ મળ્યો, બે-બે ૧૦૮ પાર્શ્વનાથયાત્રા દેરાસરોના દર્શન, ૩ બાવન જિનાલયોના દર્શન, ૪૦૦ વર્ષથી વધુ પૌરાણિક દેરાસરોના દર્શન ૮૦૦ થી વધુ વર્ષ પૌરાણિક કૃષ્ણ મહારાજ સમયના નેમનાથ ભગવાન અને દ્વારિકાધીશના દર્શન કરી કરી સૌએ ધન્યતા અનુભવી ઘણો જ આનંદ થયો

યાત્રાને સફળ બનાવવા મહાજનની કમિટી સાથે સર્વશ્રી ધનપતિ નાગડા, હરીશ લાલકા, ઋષભ નાગડા, પીયૂષ લોડાયા, વિરાજ મૈશેરી, સાગર લોડાયા અને સર્વે યુવાનો એ મહેનત કરેલ એમનો અને યાત્રામાં જોડાયેલ સર્વે યાત્રિકોનો મહાજન તરફથી આભાર માનવામાં આવેલ.

ફરી એકવાર ગિરીશભાઈના પરિવારનો આભાર માની કરી લાલપુરથી કચ્છ તરફ રવાના થયા અને સૌ ક્ષેમ કુશળ ગાંધીધામ પહોચ્યા. આ યાત્રા પ્રવાસ દરમિયાન કોઈને કોઈ અસુવિધા થયેલ તો મહાજનની કમિટી અને વ્યવસ્થાપકો તરફથી મિચ્છામી દુક્કડમ.

# શ્રી ક. દ. ઓ. જૈન મહાજન - ગાંધીધામ આયોજીત હાલાર દર્શન યાત્રા પ્રવાસ



# શ્રી ક. દ. ઓ. જૈન મહાજન - ગાંધીધામ આયોજીત હાલાર દર્શન યાત્રા પ્રવાસ



# શ્રી ક. દ. ઓ. જૈન મહાજન - ગાંધીધામ આયોજીત હાલાર દર્શન યાત્રા પ્રવાસ



# શ્રી ક. દ. ઓ. જૈન મહાજન - ગાંધીધામ આયોજીત હાલાર દર્શન યાત્રા પ્રવાસ































# શ્રી ક. દ. ઓ. જૈન મહાજન - ગાંધીધામ આયોજીત હાલાર દર્શન યાત્રા પ્રવાસ



# શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર

આયોજીત

# 'વંદન'

# આભાર સહ ઋણ સ્વીકાર



પ્રિય જ્ઞાતિજનો,

જય જિનેન્દ્ર,

પ્રણામ સાધર્મિક ભક્તિ વંદન યોજના પૂર્ણતાને આરે સાભાર ઋણ સ્વીકાર

આપણે સૌ પુણ્યે જૈન ધર્મમાં જન્મ્યા, જૈન ધર્મનું જો સૌથી મહત્વનું કોઈ કર્તવ્ય હોય તો તે છે સાધર્મિક ભક્તિ.

ગત વર્ષ ૨૦૨૪ ઓક્ટોબર મહિનામાં ડોંબિવલીમાં આયોજિત વાર્ષિક સ્નેહ મિલનમાં શ્રી ડોંબિવલી મહાજનના પ્રમુખ, શ્રી મુંબઇ મહાજનના પ્રમુખ, શ્રી શાંતિજિન મંડળના પ્રમુખ તેમજ જ્ઞાતિના મોભીઓની હાજરીમાં **શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર** તરફથી સાધર્મિક ભક્તિ વંદન યોજના જાહેર કરવામા આવી હતી. એક વર્ષ માટે જાહેર થયેલ આ યોજના પૂર્ણતાને આરે છે. ત્યારે અમને સાધર્મિક ભક્તિની આ તક આપવા બદલ **ધરમશી પરિવાર** આપનું ઋણ સહર્ષ સ્વીકારે છે.

આ યોજનાને સાકાર કરવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થયેલ તમામ સંસ્થાઓ વિશેષ રૂપે શ્રી ડોંબિવલી મંડળ અને શ્રી મુંબઈ મહાજનના અમે આભારી છીએ.

**આપના શુભચિંતક**

**શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર**

**સાભાર ઋણ સ્વીકાર.**

# શ્રી ભગવતી મહાકાલી મંડળ હુબલી દ્વારા ૨૯ મા નવરાત્રિ મહોત્સવની ભવ્ય ધામધૂમ સાથે ઉજવણી કરાઈ

શ્રી ભગવતી મહાકાલી મંડળ હુબલી દ્વારા પરંપરાગત રીતે ૨૯ મો નવરાત્રિ મહોત્સવ તા. ૨૨ મી સપ્ટેમ્બર સોમવાર થી તા.૨ ઓક્ટોબર ગુરૂવાર સુધી શ્રી શાંતિલાલ રામજી લાલકાના નિવાસસ્થાને હર્ષોલ્લાસ સાથે પુર્ણ થયેલ.

દરરોજ ભાવિક ભક્તજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી રાત્રે ૮ થી ૧૦ વાગ્યા દરમ્યાન ભાવપૂર્વક ભક્તિગીતોની રમઝટ બોલાવી હતી.

ભક્તિભાવનાની મધ્યમાં સરપ્રાઈઝ ઇનામો દરરોજના ૧૦ ઇનામો, જરા ભેજું કસી જુઓ પ્રશ્નો પુછી વિજેતાઓને નેવિલ નારાણજી લોડાયા તરફથી આપવામાં આવેલ.

પધારેલ સૌ ભક્તજનો એ દરરોજ વિવિધ પ્રસાદ પ્રભાવનાનો લાભ લીધેલ.

ભાવના બાદ કેડીઓ રેસીડેન્સી પરિવારના સૌ સભ્યોએ રાસગરબાનો ભરપુર આનંદ માણ્યો હતો.

આઠમના રોજ ગુજરાતી પ્રશ્નપત્ર લખવાની હરીફાઇ ગોઠવવામાં આવી હતી. જેમાં ભાઈબહેનો એ ભાગ લીધેલ. તેમજ તે દિવસે હાજર રહેલા સૌ સભ્યો વચ્ચે બે બમ્પર અને બે સમાધાન ઇનામો રાખવામાં આવેલ.

બમ્પર ઇનામના પ્રથમ વિજેતા ચિ. રિધમ સંદીપ શાહ, બેંગલોર, તથા દ્વિતીય બમ્પર ઈનામ વિજેતા સૌ. ચૈતાલી સંદિપ લોડાયા. પ્રશ્નપત્રના વિજેતા ભાઈબહેનોને તેમજ બમ્પર ઇનામોના વિજેતાઓને સ્વ. માતુશ્રી પ્રવિણાબેન કુંવરજી છેડા પરિવાર તરફથી ઇનામો આપવામાં આવેલા. આઠમની આરતીનો લાભ ઘ્રુત મણ ૧૫૦૩ માં સ્વ. સૌ. કલ્પનાબેન પ્રફુલ્લ મોતા હસ્તે ચિ. આદિકુમાર નિલમ લોડાયા તેરા (ન્યુયોર્ક) એ લાભ લીધેલ.

ભાવના પ્રસંગે હુબલીના ભક્તજનો સિવાય ૨ પ્રભાવનાઓ શ્રીમતી ગીતાબેન જીતેન્દ્ર ખોના સીરસી તથા શ્રીમતી લીલાવંતીબેન વિરચંદ ખોના પરિવાર, બેંગલોર તરફથી મોકલવામાં આવેલ.

તા. ૨ ઓક્ટોબરને વિજયાદશમી, ગાંધી જયંતી, લાલબહાદુર શાસ્ત્રી જયંતી નિમિત્તે ભાઇ રાહુલ પ્રફુલ્લ મોમાયા તરફથી રાખવામાં આવેલ અલ્પાહારનો લાભ લઇ સૌ છુટા પડ્યા.






# સંજીવની કેસ નં. ૨૦૬ માટે જરૂરી રકમ રૂા.૩.૩૦ લાખ ગણત્રી સમય દરમ્યાન જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું




કચ્છ જખૌ હાલે ભુજોડી રહેતાં ૪૫ વર્ષીય શ્રીમતી ભાવના રાજેશ મુનવર-જીવાણી એક વર્ષથી પીઠ અને ચેતાતંત્રના દુઃખાવાથી પીડિત છે. વધારામાં રૂમેટોઈડ આર્થરાઈટિસ છે. વર્તમાનમાં L-4, L-5 લાઈટિક સ્પોન્ડિલોલિસ્થેસીસ ગ્રેડ-૨, પીઠના નીચલા હિસ્સામાં રેડિક્યુલોપેથી સાથે ડિસ્ક પ્રોલેપ્સગ્રસ્ત છે. તેઓ લેમિનેક્ટોમી, ડિસેક્ટોમી, પોસ્ટીરીયર સ્ટેબિલાઈઝેશન સાથે TLIF તરીકે ઓળખાતી સર્જરી કરવાની ડૉક્ટરો દ્વારા ભલામણ કરાઈ છે. જેનો અંદાજિત ખર્ચ રૂા.૩.૩૦ હોવાનું જણાવાયું હતું.

તેણીના પતિનું થોડા વર્ષો અગાઉ અવસાન થયું હતું. બે પુત્રો ૨૫ વર્ષીય અને ૨૨ વર્ષીય જે સાસરિયાઓ સાથે રહે છે. મોટો પુત્ર ભુજમાં એકાઉન્ટન્ટ તરીકે જ્યારે નાનો પુત્ર મુંબઈમાં રિયલ એસ્ટેટ એજન્ટ ફર્મમાં સર્વીસ કરે છે.

ભાવનાબેન પોતે વર્ધમાન નગર ભોજનાલયમાં કામ કરતાં હતા. પણ ૧ વર્ષથી તબિયતના કારણોસર નોકરી નથી કરતા. નથી કોઈ મેડિક્લેમ કે નથી કોઈ બચત. આવી વિકટ પરિસ્થિતિમાં મુકાયા તેથી તેઓએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના સહાય માટે એ માટે અરજી કરી.

કેસનો અભ્યાસ કરી જરૂરી ભંડોળ જમા કરવા ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું. જેનો દરેક કેસની જેમ ગણત્રીના સમય દરમ્યાન જ ઉદાર દિલ દાતાઓનો ઉત્તમ સાથ મળ્યો અને સંપૂર્ણ રકમ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ અટકાવી દેવાયું. દરેકે દરેક કેસમાં માનવીય ભાવ રાખી વ્યક્તિગત દાતાઓ, મહાજન મંડળ, ટ્રસ્ટ, એકમ જે રીતે સહયોગ આપી જ્ઞાતિજનોને આધાર આપે છે જે કાબિલે દાદ છે. સૌની ભરપૂર અનુમોદના સાથે શત શત વંદના.

# ગાંધીધામના યુવાન ઍડવોકેટ કેતન મધુકાંત લોડાયાની નોટરી તરીકે નિમણૂંક થઈ



મૂળ કોઠારાના યુવા ઍડવોકેટ કેતન મધુકાંત લોડાયા હાલે ગાંધીધામની ગુજરાત સરકાર દ્વારા નોટરી પબ્લિક (NOTARY PUBLIC) તરીકે નિમણૂંક કરાઈ.

તેઓ કચ્છ એકમ, ગાંધીધામ મહાજન, અચલગચ્છ જૈન સંઘ, સમસ્ત મહાજનની મહાસમિતિમાં વિવિધ હોદ્દા ઉપર રહી સેવાકીય પ્રવૃત્ત છે તેમજ જૈન સોશ્યિલ ગ્રુપ અને તેની સૌરાષ્ટ્ર રીજીયનની ટીમમાં પણ સામેલ રહ્યાં છે. તેઓ પ્રકાશ સમીક્ષાના ટ્રસ્ટી તરીકે ફરજ બજાવી રહ્યાં છે. તેઓ ઉતરોતર પ્રગતિના સોપાન સર કરે અને સામાજિક સેવામાં સદા અગ્રેસર રહો એવી શુભકામના સાથે હાર્દિક અભિનંદન.

# શ્રી કે.ડી.ઓ. જૈન વિમલ મહિલા મંડળ દ્વારા સ્નાત્ર પૂજા સાથે નવા પદાધિકારીની વરણી કરાઈ

શ્રી કે.ડી.ઓ. જૈન સમાજ વડોદરાના શ્રી કે.ડી.ઓ. જૈન વિમલ મહિલા મંડળના સ્થાપના દિવસ નિમિત્તે આસો સુદ બીજને મંગળવાર તા. ૨૩ સપ્ટેમ્બરના બપોરે સ્નાત્ર મહોત્સવ (પૂજા) બાદ મંડળની જનરલ મિટિંગ રાખવામા આવી હતી મિટિંગમાં જૂની કમિટીની મુદત પૂરી થતાં નવી કમિટીની રચના કરવામાં આવી. જેમાં પ્રમુખ રિધ્ધિબેન એલ. લાલકા, ઉપપ્રમુખ ભારતીબેન કે, લોડાયા, સેક્રેટરી લતાબેન એન. ગોસર, સહ સેક્રેટરી પ્રતિભાબેન લોડાયા, ખજાનચી નિલમબેન લોડાયા, સહખજાનચી રશ્મિબેન મોમાયાની નિમણૂંક કરવામાં આવી. ધાર્મિક કમિટી, સલાહકાર કમિટી તથા સાંસ્કૃતિક કમિટીની રચના કરવામાં આવી મંડળ તરફથી મંડળના દરેક સભ્યોને ટ્રોલી બેગ તથા પૂજાના થેલાની ભેટ આપવા આવી. મંડળ તરફથી સાંજના સાધર્મિક ભક્તિ (ચૌવિહાર) રાખવામાં આવેલ હતી.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

## અચલગચ્છાધિપતિ શ્રી એ બાલ બ્રહ્મચારી, દીર્ઘ સંયમી,
## ગુરૂમૈયા પરમ પૂજ્ય સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મહારાજ સાહેબ ને
## પ્રવર્તિની મહતરા સાધ્વી મુખ્યા પદે અલંકૃત કર્યા તે
## માનમાં વિશેષ પૂર્તિ જ્ઞાતિમૈયા માં



આ વિશેષ પૂર્તિ માટે
**ગુરૂમૈયા પ.પૂ.સાધ્વી**
**શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ને**
આપ તેમના પ્રત્યેની
અનુમોદના,
આદરભાવ
તેમજ તેમના
સાથેના સંસ્મરણો
લખીને મોકલો

**આપ આપની જાહેરાત પણ આપી શકો છો**

**કલર ફુલ પેજ રૂા.૧૦૦૦/-**


Kumar Dand - 99209 35414
Manisha Lalka - 9820545734
Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા.૯ નવેમ્બર ૨૦૨૫ | છેડા ગોત્ર પહેડી, સારસ્વત વાડી, મુલુંડ વેસ્ટ |
| તા.૨૬ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી કુંથુનાથ જિનાલય (અચલગચ્છ) રાયપુરનું રજત ધ્વજા મહોત્સવ |

# શ્રી મહાકાળી માતાજીનું પૂજન-હવન સાથે ભક્તિ કોઈમ્બતુર સંઘમાં કરાઈ









દક્ષિણ ભારત પ્રાંતના કોઈમ્બતુર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી ડૉ.હર્ષનિધિશ્રીજી મ.સા.ની નિશ્રામાં અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીનું અષ્ટકારી પૂજન તથા હવનનું આયોજન કરી ભાવ સાથે ભક્તિ કરાઈ હતી. સંઘના શ્રાવક શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ધન્ય લાભ લીધો હતો.

# Anumodana

## Sanjivani Case - 205

**Name:Mr. Sandeep Ramesh Dand (II)** **Age : 44 Yrs.** **Village: Varadiya - Dombivli**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 25,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 5,000.00 |
| **Emerald Patron** | |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 5,000.00 |
| Shri Nileshkumar Shantilal Meisheri ( Lala - Mulund - Dubai) | 5,000.00 |
| Matushri Rekhaben Sunil Khona, Sujapur - Bangalore | 5,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shree DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shree KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shree KDO Mandal, Dombivli | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 5,000.00 |
| **Diamond Patron** | |
| Ek Sadgrahasth | 5,000.00 |
| Shri KDO Jain Sarvodaya Mandal, Mulund | 5,000.00 |
| **Gold Patron** | |
| Shri Sushilbhai Laxmichand Shah, Manjal Reladia, Matunga, Mumbai | 2,000.00 |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 2,000.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 1,000.00 |
| **General Sanjivani Patron** | |
| Shri Hitesh Laxmichand Soni | 400.00 |
| **Individual Donors** | |
| Well Wisher ... A Silent Donor | 75,000.00 |
| Shri Shantilal Khimji Nagda (H: Smt. Pramilaben S. Nagda), Naliya - Mulund | 18,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 6,000.00 |
| Shrimati Geeta Harish Lodaya, Sayera - Raipur | 3,000.00 |
| Matushri Taraben Hirji Nagda, Vadodara | 2,501.00 |
| Well Wisher | 1,100.00 |
| Shri Nitin Raichand Sayla, Suthari - Deolali | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivar, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Amit Jethalal Khona, Dombivli | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલીની ૩૯મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ



શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલીની ૩૯મી વાર્ષિક સામાન્ય સભા રવીવાર, તા. ૧૪ સપ્ટેમ્બર બપોરના ૨.૩૪ કલાકે કોરમના અભાવે મુલત્વી રહેલ સભા,બપોરના ૩.૦૬ કલાકે મંડળના પ્રમુખ મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધ્ધર)ના પ્રમુખ સ્થાને મંડળના કાર્યાલયમાં યોજાઈ હતી. સભાની શરૂઆતમાં મંડળના માનદમંત્રી શ્રી અનુજ લોડાયા એ સર્વે પધારેલ સભ્યોને આવકાર આપી નવકાર મહામંત્રથી શુભ શરૂઆત કરી હતી. સારી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા. માનદ્ મંત્રી અનુજ ગિરીશ લોડાયા (રવા) એ મંડળના ૨૦૨૪-૨૫ની પ્રવૃત્તિઓના અહેવાલ અને વાર્ષિક હિસાબો વાંચી સંભળાવ્યા હતા. આ ઉપરાંત આગામી વર્ષ માટે પણ જે.ડી.એન.જી. એસોસીએટ કંપનીના સી.એ. ગૌતમભાઈ મુલચંદ મૈશેરી(મોટી સિંધોડી-મુલુંડ) ને તેમના ચોકસાઈ ભર્યા કાર્યો અને કાર્યનિષ્ઠા જોતાં આગામી વર્ષ માટે ઓડિટર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. માનધન યથાયોગ્ય જે પણ હશે એ કોર કમિટી દ્વારા નક્કી કરવામાં આવશે.

ખજાનચી શ્રી ભાવેશ રતીલાલ મોતા (કુવાપધર) અને સહ ખજાનચી અમિત જેઠાલાલ ખોના (નલિયા) નો એકાઉન્ટ કરવામાં વિશેષ સહયોગ રહ્યો હતો તેમજ તા. ૩૧ માર્ચ સુધી હિસાબોના ઇન્કમટેક્ષ રીટર્ન્સ ફાઈલ મંડળના ઉપપ્રમુખ અને તંત્રી ચેતન લહેરચંદ નાગડા (નલીયા) સહ હંશકુમાર ચાંપશી નાગડા (તેરા)એ કરેલ. ઓડિટ કરાવવા માટે પ્રમુખ મહેન્દ્રભાઈ મેઘજી મોતાનો વિશેષ સહયોગ મળ્યો હતો.

વાર્ષિક સામાન્ય સભા સાંજે ૪.૦૫ કલાકે પૂર્ણ થતા માતાજીની જય બોલાવી મિટિંગ પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

ત્યારબાદ મંડળના કાર્યાલયમાં ચૈત્યપરિપાટીની રૂપરેખા તેમજ માહીતી માટે યાત્રિકોની મિટિંગ યોજવવામાં આવી હતી. ચા, કોફી બિસ્કીટ વાપરી શ્રી મહાકાળી માતાજીની જય બોલાવી મિટિંગ પૂર્ણ થઈ હતી.

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી વ્યવસ્થાપક સમિતિ વતી - માનદ્ મંત્રી અનુજ ગિરીશ લોડાયા (રવા), સહમાનદ્ મંત્રી ધવલ ઉમેશ ખોના (સાંધવ) દ્વારા આપેલ અખબારી યાદીમાં જણાવ્યું હતું.





|| નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે || || વરસીતપના પ્રણેતા શ્રી આદિનાથાય નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચકેશ્વરી-મહાકાલીદેવ્યે નમઃ ||

|| શ્રી ગોયમ-સુહમ્મ-આર્ય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવિ-વીર-મહોદયસાગર સૂરિભ્યો નમઃ ||

શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પ્રેરિત

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘ

ગીતા સ્મૃતિ પેઢી ૭૦૬, શાંતિ હાઇટ્સ, ૭ મા માળે, ભાઉદાજી રોડ, રાધાકૃષ્ણ હોટલની ઉપર,
નારાણજી શામજી વાડીની સામે, માટુંગા (સે.રે.), મુંબઇ - ૪૦૦ ૦૧૯. ફોન નં. 3568 4778

# સંવત ૨૦૮૨ ના અચલગચ્છીય તિથિ પંચાંગ

શ્રી સંઘ દ્વારા પ્રકાશિત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. દ્વારા તૈયાર થયેલ

## વિ.સં.૨૦૮૨, ઈ.સ.૨૦૨૫/૨૬ ના પંચાંગ

### સંપૂર્ણ લાભાર્થી

લાલબાગ (ધર્મપુરી) શ્રી સુવિધિનાથ જિનાલયના
શતાબ્દિ વર્ષ નિમિત્તે

# શ્રી કચ્છી વિશા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન-મુંબઇ

### આપના સુકૃતની અંતરની અનુમોદના.


ભારતભરના અચલગચ્છીય શ્રી સંઘોમાં પંચાંગો
જરૂરીયાત પ્રમાણે મોકલી આપવામાં આવેલ છે.
છતાં પણ હજી પણ આપને વધુ જરૂરીયાત હોય તો
શ્રી સંઘના માટુંગા કાર્યાલયથી મેળવી લેવા વિનંતી અથવા
વધારે હોય તો પરત મોકલી આપવા વિનંતી.

**તા.ક. : શ્રી સંઘો/મહાજનોને વિનંતી**


આપને ત્યાં ચાતુર્માસ બિરાજમાન સાધુ-સાધ્વીજી ભગવંતોને
પંચાંગની નકલ આપવા કૃપા કરશોજી.

લી. : શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ - માનદ્ મંત્રીઓ


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**નવીનભાઈ લોડાયા**
તા.૨૮ સપ્ટેમ્બર (ઉ.૭૬)
સાંધવ-થાણે



**જમકુબેન મૈશેરી**
તા.૨૮ સપ્ટેમ્બર (ઉ.૯૩)
કુઆપધ્ધર-મુલુંડ



**ચંદનબેન મોતા**
તા.૩૦ સપ્ટેમ્બર (ઉ.૮૩)
તેરા-મસ્જીદબંદર





**જયશ્રીબેન મોતા**
તા.૩ ઓક્ટોબર (ઉ.૬૫)
લાલા-મુલુંડ



**સુમંગલાબેન મુનવર**
તા.૪ ઓક્ટોબર (ઉ.૫૫)
જખૌ-ધાવણગીરી



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજના કોડકી રોડ સ્થિત સીમા સુરક્ષા દળના મુખ્યાલય ખાતે સીમા જાગરણ મંચ અને એવા સાધના કચ્છના માધ્યમે મૂળ માનકુવાના હાલે કેન્યાના મોમ્બાસા સ્થિત મનજી નારણ ગોરસિયા પરિવારના આર્થિક સહયોગથી સમગ્ર ગુજરાતમાં પ્રસિદ્ધ એવી માનકુવાની રાજણવાડીની દેશી ખારેક એક હજાર કિલોના અર્પણ વિધિનો કાર્યક્રમનું આયોજન કરાયું.

● ખેડોઈ તાલુકા અંજારના બાપાલાલ સિંહ જુવાન સિહ જાડેજાના પુત્ર રાજેન્દ્ર સિંહ જાડેજા (આશાપુરા ગ્રુપ)ની પુત્રી જાન્વીબાના વેવિશાળ સુરેન્દ્ર નગરના ઉદ્યોગપતિ કિશોર સિંહ ઝાલા (પાવરટેક ગ્રુપ)ના પુત્ર દિવ્યરાજ સિંહ સાથે સંપન્ન થયા હતા. આ પ્રસંગે રાજેન્દ્ર સિંહ અને તેમના પરિવાર દ્વારા પર્યાવરણ જાળવણીના સંદેશ સાથે ખેડોઈના શીતાળા માતા ડેમ વિસ્તારમાં વિવિધ પ્રકારના ૨૧૦૦ વૃક્ષોનું મહેમાનોના હસ્તે વાવેતર કરવામાં આવ્યું હતું.

● ખેતી અને પશુપાલનનો મુખ્ય વ્યવસાય ધરાવતા કચ્છમાં દર વર્ષે દોઢ લાખ હેક્ટર જમીન ખેડાયા વગરની રહે છે. જિલ્લામાં વીતેલા દાયકામાં ખેતીલાયક જમીનના વિસ્તારમાં પણ સતત ઘટાડો જોવા મળ્યો છે. જાણકારો માટે આ ચોક્કસ ગહન સંશોધનનો વિષય બન્યો છે. એક દાયકા પૂર્વે કચ્છમાં ખેતી લાયક જમીનનો વિસ્તાર આઠ લાખ હેક્ટરથી વધુ હતો જે હવે ઘટીને સાડા સાત લાખ હેક્ટરે પહોંચ્યો છે.

● આંધ્રપ્રદેશના સત્યસાંઈ જિલ્લાના પાલ સમુદ્રમ ગામની સરકારી હાઈસ્કૂલના ૨૭ બાળકો કેન્દ્ર સરકારના નાણામંત્રી નિર્મલા સીતારામનના આદેશથી પર્યાવરણની જાળવણી માટે ઓછા સમયમાં, ઓછી જગ્યામાં ઝડપથી મોટા થતાં વૃક્ષોનું વાવેતર કરીને કઈ રીતે ગ્રીન બેલ્ટ વધારી શકાય તે હેતુથી ભુજિયાની તળેટીમાં બનાવવામાં આવેલા મિયાવાકી વનની ખાસ મુલાકાત લીધી હતી. તેમણે જંગલના ગાઈડ પાસેથી મિયાવાકી પધ્ધતિ મુજબ વૃક્ષોનું વાવેતર અને ઉછેર કઈ રીતે કરી શકાય તે અંગે તાલીમ મેળવી હતી. તેમણે ૪૦ વૃક્ષ મિયાવાકી પધ્ધતિ મુજબ વાવેતર કરીને પ્રેક્ટિલ પણ કર્યું હતું. ત્રણ દિવસના પ્રવાસ દરમ્યાન તેમણે સ્મૃતિવન મળે ભુજિયાના જંગલમાં મિયાવાકી પધ્ધતિની તાલીમ મેળવવા ઉપરાંત રક્ષક વન, રોડ ટુ હેવન, સફેદ રણનો નજારો, માણવા સાથે ભુજોડી ખાતે કચ્છની હસ્તકલા સંસ્કૃતિથી તેઓ પરિચિત થયાં હતાં.

● આસો નવરાત્રિ નિમિત્તે ત્રિવેણી સંગમ મહાડા સોસાયટી, ગુંદવલી મુંબઈ અંધેરી ઈસ્ટથી છેલ્લાં ૩૧ વર્ષથી પદયાત્રીઓ કચ્છના માતાના મઢ ધામે પગપાળા જાય છે. આશાપુરા પદયાત્રા સંઘના નેજા હેઠળ આ વખતે સંઘ અંધેરીથી પ્રસ્થાન કર્યું. પદયાત્રાના સંયોજક કમલેશ રાવરિયાએ આ વિષે માહિતી આપી હતી કે અંધેરીથી માતામઢનું અંત ૧૦૫૦ કિ.મી. છે. પદયાત્રી સંઘ દર રોજના ૩૫ થી ૪૦ કિ.મી. પગે ચાલે છે. આટલું અંતર કાપતાં ૨૮ દિવસ લાગે છે. રસ્તામાં ૨૮ રાત્રિ રોકાણ થાય છે. પગપાળા ચાલવાનો રૂટ નિર્ધારિત કરેલા હોય છે. રાત રોકાણ કરવાના સ્થાન નક્કી હોય છે. સવારે અને સાંજે ચાલે જ્યારે બપોરે અને રાતે આરામ કરે છે. સવાર સાંજે બે ટાઈમ માતાજીની આરતી કરવામાં આવે છે. માર્ગમાં પંદર દિવસ ભોજન ફળાહાર-ચા-નાસ્તાની સેવા મળે છે. બાકીના દિવસોની વ્યવસ્થા સંઘ કરે છે. દવા, ભોજન, ચા-નાસ્તાની વ્યવસ્થા માટે ટેમ્પો સાથે રહે છે. ૩૧ વર્ષ પહેલાં જીલુભા-વેલુભા ગોહિલએ સૌ પહેલાં પદયાત્રા પાંચ જણ સાથે કરી હતી.

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

## FIXED DEPOSIT
720 Days

RATE OF INTEREST

*7.85% per annum
For General Public

*8.35% per annum
For Senior Citizens




*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com
@ Arihant Bank

KDD